# બંને પક્ષોમાં બધા જ જુથોએ યાદીઓ બનાવી દીધી છે, બંને પક્ષોમાં જુથો બે થી વધારે છે

## કોંગ્રેસ અને ભાજપના કેટલાય વર્તમાન નગરસેવકો નવા સીમાંકનથી અટવાયા છે

**મહાનગરનો મહાસંગ્રામ** - સંજય દૃષ્ટિ

રવિવારની રજા ટિકિટનું પાકુ કરવામાં જ ગયો. અને જેમને જેમને પાકુ લાગે છે તેમણે ચાવીરૂપ મતદારોની સાથે જુદા જુદા બહાને સમય વિતાવ્યો. હજુ ઉમેદવારી પસંદગીની પ્રક્રિયા અધિકૃત રીતે આરંભાઈ નથી. પણ ખાનગીમાં યાદીઓ બની ગઈ છે. બંને પક્ષોમાં બધા જ જુથોએ યાદીઓ બનાવી દીધી છે. બંને પક્ષોમાં જુથો બે થી વધારે છે. પક્ષના નેતાઓ સ્વીકારે કે ન સ્વીકારે પરંતુ ભાજપમાંય ત્રણ જુથ છે અને કોંગ્રેસ પણ બે જુથોમાં વહેંચાયેલુ છે. કયા પક્ષમાં - કયા જુથનું - કેટલું ચાલશે એના દાવપેચ અત્યારથી જ લડાવાય છે. નામ કોઈના ઉછાળાય છે અને લડાવાશે કોકને, એવી કુટિલ નીતિ પણ ઘડાય છે. 'મોત માંગો તો તાવથી પતે' એવા સોદા-સમાધાનો પણ થશે. કોણ વધાવાશે અને કોણ વધેરાશે, એ તો સમય જ કહેશે. પરંતુ અત્યારે તો નવા નવા ઝભ્ભામાં શોભતા કાર્યકરોના ટોળા ઠેરઠેર નજરે પડે છે. બંને પક્ષોમાં સીમાંકનના મામલે ચિંતા તો છે જ. કોંગ્રેસને વધારે છે, તો ભાજપને થોડી થોડી તો છે જ. કોંગ્રેસ અને ભાજપના કેટલાય વર્તમાન નગરસેવકો નવા સીમાંકનથી અટવાયા છે અને જો એ રાજકીય ચાલ હોય તો એમાં ફસાયા છે. બંને પક્ષોમાં ચાલતી વાતોથી એક નિષ્કર્ષ નીકળે છે કે અડધાથી પણ વધુ કોર્પોરેટરોને ટિકિટ નહિ મળે. ભાજપમાં તો ભાંજગડ છે જ. પણ કોંગ્રેસમાંય કકળાટ ઓછો તો છે જ નહિ. થોભો અને રાહ જુવોની નીતિમાં નેતાઓ સૌને સાચવવાનો પ્રયાસ કરે છે. પરંતુ આજથી આરંભાતુ અઠવાડિયુ મિત્રને વધુ સ્પષ્ટ બનાવશે.

વોર્ડ સીમાંકનને કારણે જેવી રીતે સીટીંગ કોર્પોરેટરોને ટિકીટના પ્રશ્નો થયા છે. એવા જ બીજા પ્રશ્નો મહિલા ઉમેદવારોના પણ છે. પચાસ ટકા મહિલા અનામતને પગલે હવે બંને પક્ષે સોળ-સોળ મહિલા ઉમેદવારો ઉભા રાખવા પડશે. અને તે પણ ચૂંટણી લડી શકે અને જીતી શકે એવા. છેલ્લા દાયકાથી એક રાજકીય પ્રણાલિકા ઉભી થઈ છે. મહિલા કાર્યકર જે વોર્ડમાં કે જે વિસ્તારમાં ન મળે તે વિસ્તારમાં અગ્રણી કાર્યકરની પત્નીને ટિકીટ આપી દેવી. જેથી બધુ જ સચવાય. આ સમાધાન છે. આનાથી મહિલા અનામતનો હેતુ ફલિત થતો નથી, રાજકીય પક્ષના કાર્યકરની પત્ની એ કાર્યકર નથી હોતી. એક ગૃહિણી જ હોય છે. પરંતુ દબાણને વશ થઈને ગૃહિણી મટી નગરસેવક બની જાય છે ત્યારે સમસ્યાઓનો પાર રહેતો નથી. આવા જ પ્રયાસો અને પ્રયોગો છેલ્લા ત્રણ દિવસથી ચાલે છે અને હજુ એક અઠવાડિયુ ચાલશે. જેનાથી યોગ્ય પ્રતિનિધિત્વ નહિ નિર્માણ થાય એમ કહી શકાય.

બંને પક્ષોમાં ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા માથાના દુખાવા સમાન બની ગઈ છે. અપેક્ષાઓ વધતી જાય છે અને સંતોષ આપવાની ક્ષમતા ઘટતી જાય છે. જુથવાદના કારણે એક એક બેઠક પર ચારચાર દાવેદારોના નામો ચર્ચામાં ચાલે છે. કોણ ચાલે, કોણ નહિ ચાલે નો ઉશ્કેરાટ વધતો જાય છે. દાવા પ્રતિદાવાની વચ્ચે જ્ઞાતિ-સમાજોના વડાઓને પણ ખેંચવાનો પ્રયાસ થાય છે. એક સામાન્ય નાગરિકના શબ્દોમાં કહીએ તો આ ચૂંટણી શહેરના શાંત જનજીવનમાં કારણ વિનાના વાદવિવાદ ઉભા કરશે. ઠીક છે, હવે પાછા વળવાનો કે વિચારવાનો સમય નથી. સારા ઉમેદવારોને શોધવાનો સમય છે. સંનિષ્ઠ નગરસેવકોની પસંદગીનો સમય છે. આત્માના અવાજ મુજબ જાગૃત બની મત આપવાનો સમય છે. લોકશાહીની ઉચ્ચ પરંપરાની રખેવાળીનો સમય છે. ગાંધીનગરને શોભે એવી મહાનગરપાલિકાના માળખાને રચવાનો સમય છે.

## મહિલા કાર્યકર જે વોર્ડમાં કે જે વિસ્તારમાં ન મળે તે વિસ્તારમાં અગ્રણી કાર્યકરની પત્નીને ટિકિટ આપી દેવી

**હરિની દૃષ્ટિ...** - હરિન ભટ્ટ




ચાલો... મરઘી જલદી પતાવી... અને સંસ્થાનાં બધા મેમ્બરોએ, ચકલી બચાવો અભિયાનમાં લાગી જવાનું છે...!!

# કલોલ શહેર બંધને જબરજસ્ત પ્રતિસાદ

## કોમી અથડામણ બાદ હિન્દુ હિત રક્ષક સમિતિએ બંધનું એલાન કર્યું હતું : કલોલ સજ્જડ બંધ રહ્યું

ગાંધીનગર, તા. ૨૦

કલોલ કોલેજ બહાર યુવતીની છેડતી બાબતે મુસ્લીમ સમાજ અને હતો. આ મામલે આજે હિન્દુ હિત રક્ષક સમિતિએ કલોલ બંધના આપેલા એલાનને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો

કલોલ કોલેજ બહાર યુવતીની મશ્કરીને મામલે બે કોમ સામસામે આવી ગઈ હતી અને હથિયારો આવતા ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવાની ફરજ પડી હતી. તો બીજી તરફ મામલો ફરી બેકાબુ બને તેવી એલાન આપવામાં આવ્યું હતું. આજે સવારથી જ કલોલ શહેરની એક પણ દુકાનનુ તાળુ ખુલ્યુ ન હતુ.





પાટીદાર સમાજ આમને-સામને આવી ગયો હતો અને કલોલનો માહોલ તંગદીલીભર્યો થઈ ગયો હતો. કલોલ શહેરની એક પણ દુકાન આજે ખુલી ન હતી અને સજ્જડ બંધ પાળવામાં આવ્યો હતો. લઈને બંને કોમ રસ્તાઓ પર ઉતરી આવી હતી. મુસ્લીમ અને પાટીદાર જુથ સામસામે હિંસા પર ઉતરી સ્થિતિ પણ સર્જાઈ હતી. દરમ્યાન હિન્દુ હિત રક્ષક સમિતિ કલોલ શહેર દ્વારા ૨૦ માર્ચ કલોલ શહેર બંધનું કલોલ શહેર બંધને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. કલોલ શહેરમાં સજ્જડ બંધ પાળવામાં આવ્યું હતું.

**ખૂણે ખાંચરેથી...**

● જિલ્લામાં હાઉસ ટુ હાઉસ ચાલી રહેલ આરોગ્ય વિષયક સર્વેલન્સની કામગીરીની ગઈકાલે સમીક્ષા વીડીયો કોન્ફરન્સ દ્વારા થઈ હતી.

● ગાંધીનગર નજીક લેકાવાડામાંથી રેતી ચોરીનું કૌભાંડ પકડવામાં તંત્ર સફળ રહ્યું છે.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં સતત ત્રીજા દિવસે પણ લૂ વાળા પવનના સુસવાટા છવાયેલા રહ્યા હતા.

● ગાંધીનગરને વાઈ-ફાઈ સીટી બનાવવા માટેની કામગીરી જોરશોરથી ચાલી રહી છે. ૧૫ થી વધુ સેક્ટરોમાં ટાવરો અને બુસ્ટર લગાવી દેવાયા છે અને એકાદ સપ્તાહમાં તમામ સેક્ટરો પૂર્ણ થશે.

● આજે કલોલ બંધના અપાયેલા એલાનને પગલે પ્રાંત કચેરી કલોલ અને મામલતદાર કચેરી કલોલ કાર્યરત રહી હતી.

● ગાંધીનગર શહેર આખુ સપ્તાહ સતત સરકારી કાર્યક્રમોમાં વ્યસ્ત રહેશે.

# ક્ષત્રિય ઠાકોર સેના આજે કલોલમાં ચક્કાજામ કરશે

ગાંધીનગર, તા. ૨૦

સિદ્ધપુર ખાતે એક ગામમાં ક્ષત્રિય ઠાકોર સેનાએ દારૂના અડ્ડા પર કરેલી જનતા રેડ દરમ્યાન સેના પર બુટલેગરે હુમલો કર્યો હતો. આ પ્રકરણના વિરોધ કરવા આવતીકાલે ૨૧ માર્ચે કલોલના સિંદબાદ હોટલ સામે હાઈવે પર સવારે ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ચક્કાજામ કાર્યક્રમ કરીને ઉગ્ર વિરોધ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સિદ્ધપુરના એક ગામમાં ચાલતા દારૂના અડ્ડાઓ પર ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા જનતા રેડ કરવામાં આવી હતી તે દરમ્યાન બુટલેગરે સેનાના કાર્યકરો પર હુમલો કર્યો હતો. ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકર પર બુટલેગરે કરેલા હૂમલાના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. આવતીકાલે સોમવારે સવારે ૯ વાગ્યાના અરસામાં કલોલમાં ચક્કાજામ કરવાનું એલાન કર્યું છે. અમદાવાદ-મહેસાણા હાઈવે પર સિંદબાદ હોટલ સામેના રોડ પર ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો ઉભા રઈ જશે અને અવર-જવર કરતા તમામ વાહનો રોકી દઈને ચક્કાજામ કરી હુમલાનો વિરોધ પ્રદર્શન કરશે. ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ચક્કાજામ કરવાની જાહેરાત કરવામાં આવતા પોલીસ પણ હરકતમાં આવી ગઈ છે અને ચક્કાજામ ન થાય તેના પ્રયાસોમાં લાગી ગઈ છે.

## ૧૪ હજાર યુરોના ફંડ સાથે સ્પેન ટુર યોજાશે

એક તરફ તબીબોની બેદરકારીના કારણે એલજી હોસ્પિટલ ખાતે ચાર લોકોને પોતાની દૃષ્ટિ કાયમ માટે ગુમાવવી પડી છે ત્યારે તપાસનું સત્તાવાળાઓએ તબીબોને કલીનચીટ આપી દીધી અને હવે ૧૪ હજાર યુરોના ફંડ સાથે કોર્પોરેશન ૮૦ ટકા ખર્ચ ભોગવી સ્પેનની આઠ દિવસની ટુર પર પોતાના માત્ર બે પ્રતિનિધિને મોકલશે. ગત સપ્તાહે સ્ટેન્ડીંગ કમિટીની બેઠક મળી હતી. આ બેઠકમાં સ્ટડીટુરના નામે મ્યુનિસિપલ કોર્પોરેશન વહીવટીતંત્ર દ્વારા એક વાંચવામાં લાગતી આકર્ષક દરખાસ્ત રજુ કરવામાં આવી જે ને સત્તાધારી પક્ષ દ્વારા મંજુર પણ કરી દેવામાં આવી.

# સાદરા વિદ્યાપીઠ ખાતે રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરાના ૨૭મા વાર્ષિક ખેલકૂદ રમતોત્સવનો ઉદઘાટન કાર્યક્રમ તા. ૧૮મી માર્ચના રોજ યોજાયો હતો.

કાર્યક્રમ માર્ચ પાસ્ટથી શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં સરદાર, શિવાજી, સુભષ, પ્રતાપ, અહલ્યાબાઈ, લક્ષ્મીબાઈ ગૃપના ખેલાડીઓ જોડાયા હતા. આતશ જયોતનું સ્વાગત અધ્યક્ષશ્રી ઈલાબેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. સમુહગાન અને નિદર્શન પ્રવૃત્તિ દ્વારા કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં મોતીપુરા, ચેખલારણી, રાજપુર, જ્ઞાનધારા, સરસ્વતી અને સાદરા પ્રાથમિક શાળાના બાળકોએ ડમ્બેલ્સ, કેલેસ્થાનિકસ, રીંગ કવાયત, પીરામીડનું સુંદર નિદર્શન કર્યું હતું. જયારે સૂક્ષ્મ જીવાણું વિજ્ઞાનની બહેનોએ ધ્વજ કવાયત, શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયની બહેનો અને ભાઈઓએ યોગ નિદર્શન, સેલ્ફ ડિફેન્સ એકિટવીટી અને લેઝિમ નિદર્શનની પ્રસ્તુતી કરી હતી. આ ઉદઘાટન કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક પ્રો.અનામિકા શાહ હાજર રહ્યા હતા તેમજ સહ અધ્યક્ષ ડૉ. ઉદાજી પરમારે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સંસ્થા સંયોજક ડૉ. જમનાદાસ સાવલિયાએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. કન્વીનર સંજય ઝાપડિયા, ઋષિકા અકબરી અને સહ કન્વીનર રમેશ ડેરવાલિયા અને પાયલ વાણિયાએ મહેમાનોને સુતરની આંટી પહેરાવી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ ઈલાબેન ભટ્ટે ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને ખેલાડીઓને અહિંસક સમાજ રચના માટે યોગદાન આપવા જણાવ્યું હતું. જયારે મુખ્ય મહેમાન કુલનાયકશ્રીએ ખેલાડીઓને આદર્શ શિક્ષક અને આદર્શ રાહબર બનવા માટે તેમજ ઉત્તમ સમાજની રચના કરવા માટે ગાંધી મૂલ્યોને આચરણમાં મુકવા જણાવ્યું હતું. અતિથિ વિશેષ પથિક મહેતાએ જીવનમાં હાર્ડવર્ક કરી આગળ વધવા જણાવ્યું હતું. કાર્યક્રમના અંતે આંતરગૃહ સ્પર્ધા અધ્યક્ષ પ્રો. જગદીશચંદ્ર સાવલિયાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનો આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રો. પ્રભુલાલ કાસુન્દ્રાએ કર્યું હતું.

# શિક્ષકોને ઉત્તરવહી મૂલ્યાંકન માટે સમયસર હાજર થવા આદેશ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાલમાં તાજેતરમાં લેવાયેલ પરીક્ષાઓની ઉત્તરવહીઓના મૂલ્યાંકનની કામગીરી ચાલી રહેલ છે. આ કામગીરી માટે શિક્ષણ બોર્ડ દ્વારા જે તે વિષયના શિક્ષકોને ફરજ સોંપવામાં આવેલ છે અને તેઓને ફરજ ઉપર હાજર કરવા સંબંધિત આચાર્યોને પણ જણાવવામાં આવેલ છે.

આ શિક્ષકોને મૂલ્યાંકન કરવા માટે સમયસર મૂલ્યાંકન કેન્દ્રો ઉપર હાજર થઈ જવાના આદેશ કરવામાં આવેલ છે. આમ છતાં આજરોજ ઘણા મૂલ્યાંકન કેન્દ્રો ઉપર શિક્ષકો હાજર થયેલ નથી અને સંબંધિત આચાર્યોએ તેઓને હાજર કરવા પ્રયત્ન પણ કરેલ નથી. બોર્ડ દ્વારા આવા શિક્ષકો અને આચાર્યોના આવા વલણ બદલ તેની ગંભીર નોંધ લીધી છે. અને તેઓને ફરજના કેન્દ્રો ઉપર તાત્કાલિક હાજર થવા તાકીદ કરી છે. જો તેઓ સમયસર તેમની ફરજ ઉપર હાજર નહી થાય તો તેવા શિક્ષકો અને આચાર્યો સામે કાયદાકીય રાહે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી શિક્ષણ બોર્ડે તાકીદ પણ કરી છે.

# આજે વિશ્વ વન દિવસ નિમિત્તે મુખ્યમંત્રીનું પ્રજાજોગ ઉદ્‌બોધન

ગાંધીનગર, તા. ૨૦

૨૧ માર્ચ - ''વિશ્વ વન દિવસ'' નિમિત્તે રાજ્યના જિલ્લા, તાલુકા તેમજ ગ્રામ્ય કક્ષાના ૧૯ હજારથી વધુ સેટકોમ કેન્દ્રો ઉપરથી સવારે ૯.૧૫ થી ૧૧.૦૦ કલાક દરમિયાન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનો રાજયના પ્રજાજનો જોગ ઉદબોધન પ્રસારિત કરવામાં આવશે, જેનો તમામ પ્રજાજનોએ લાભ લેવા નાયબ વન સંરક્ષક ગાંધીનગર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વિજય રૂપાણીએ ચાર સભ્યોને મિનિસ્ટર બનવાની તક આપી, વહીવટી તંત્રમાં પણ પરિવર્તન નિશ્ચિત

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

ગુજરાત વિધાનસભાના સત્ર પછી ગુજરાતના વહીવટી તંત્રની સાથે રાજકીય ફેરફારોની સંભાવના વધી ચૂકી છે. જિલ્લાસ્તર થી શરૂ થતી ઓફિસરોની બદલીઓ સરકારના વિભાગોના સિનિયર આઈએએસ ઓફિસરો સાથે અટકશે. એપ્રિલના પહેલા સપ્તાહમાં મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ તેમની કેબિનેટનો વિસ્તાર કરે તેમ લાગી રહ્યું છે. આમ પણ સિનિયર મંત્રી વિજય રૂપાણીની ખાલી પડી રહેલી જગ્યાએ નવો ચહેરો કેબિનેટમાં આવી શકે છે, એ ઉપરાંત બીજા ત્રણેક સભ્યોને કેબિનેટમાં સમાવવામા આવી રહ્યાં છે, એટલે કે આનંદીબહેન પટેલની સરકારમાં ધરમૂળથી પરિવર્તન આવી રહ્યું છે...

**● ભાજપ માટે ગ્રાઉન્ડ રિપોર્ટ ચોંકાવનારો છે**

ગુજરાત ભાજપ માટે ગ્રાઉન્ડ રિપોર્ટ ખૂબ ચોંકાવનારો છે. પાટીના જે નેતાઓએ ગુજરાત ભ્રમણ કરીને રિપોર્ટ બનાવ્યો છે તેમા ભાજપની ખતરો હોવાની ચેતવણી આપવામાં આવી છે. ગ્રામ્યકક્ષાએ આનંદીબહેન સૌથી વધારે પ્રવાસ કરતાં હોવા છતાં તેમની સરકારની ઉપલબ્ધિઓ તેઓ પ્રજા સમક્ષ વર્ણવી શકતા નથી. રિપોર્ટમાં એન્ટી ઈન્કમબન્સી ફેક્ટરની જોરદાર અસર રહેવાની હોવાનો ઈશારો કરવામાં આવ્યો છે. ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીને હડી દોઢ વર્ષનો સમયગાળો છે ત્યારે પાટીનું હાઈકમાન્ડ પણ ચિંતીત બન્યું હોવાનું દેખાઈ રહ્યું છે...

**ચૂંટણીમાં પાટીદાર અને ઠાકોર સમાજ પર ભાજપના ભાવિનો આધાર**

**● કોંગ્રેસને તો વકરો એટલો નફો કરી શકાય...**

ગુજરાત કોંગ્રેસ માટે એવું કહી શકાય છે કે તેમને તો વકરો એટલો નફો છે. પાટીના સ્થાનિક નેતાઓએ ગ્રામ્યવિસ્તારના તેમના રિપોર્ટમાં કહ્યું છે કે ભાજપ તરફથી આ વખતે આદિવાસી વોટબેન્ક સરકી રહે તો નવાઈ પામવા જેવું નથી. આમ પણ છેલ્લી ત્રણ વિધાનસભાની ચૂંટણીઓ ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ યોજાઈ ત્યારે કોંગ્રેસ તેમના વિજય ઉમેદવારોનો આંકડો ૫૦થી નીચે ગયો નથી. હવે નરેન્દ્ર મોદી ગુજરાના રહ્યાં નથી. તેઓ ભારતના પ્રાઈમ મિનિસ્ટર છે તેથી તેમના નેતૃત્વ હેઠળનો આ ચૂંટણી જંગ નથી. કોંગ્રેસ ૨૦૧૭માં સારો દેખાવ કરે તેવી ઉમ્મિદ પાટીનું હાઈકમાન્ડ પણ લઈને બેઠું છે. કોંગ્રેસના નેતાઓએ શહેરી વિસ્તારમાં વધારે મહેતન કરવી પડશે તેવું રિપોર્ટમાં કહેવાયું છે...

**● લ્યો, સરકાર ગરીબોને ભાડે મકાન લઇ આપશે...**

ગુજરાતના શહેરી વિસ્તારમાં વસતા ગરીબ પરિવારોને ખુશીના સમાચાર એ છે કે જ્યાં સુધી ઝૂંપડાનું પુનવસન ન થાય ત્યાં સુધી ઝૂંપડામાં રહેતા પરિવારો માટે સરકાર ભાડાના મકાનની વ્યવસ્થા ઉભી કરી આપશે. શહેરી વિકાસ વિભાગના એક અધિકારી કહે છે કે ગરીબ પરિવારોનું નવા સ્થળે મકાન બને નહીં ત્યાં સુધી ગરીબ પરિવારો માટે સરકારે વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરી છે. આ હેતુ માટે સરકારે ૫૦ લાખ ખર્ચવાનું નક્કી કર્યુ છે, જો કે ગયા વર્ષની સરખામણીએ આ રકમ બહું ઓછી એટલા માટે છે કે ગયા વર્ષે સરકારે ૪૦૦ લાખની રકમ ખચી હતી....

**● બાળકો ઇંડા નહીં ખાઇ શકે, જીવડાં જરૂર ખાશે...**

ગુજરાતની સ્કૂલોમાં ચાલતી મધ્યાહ્ન ભોજનની યોજનામાં ગોટાળા બહાર આવ્યા છે. સરકારે પહેલાં એવો પરિપત્ર કર્યો હતો કે જ્યાં જરૂર છે ત્યાં બાળકોને ભોજનમાં બાફેલા ઇંડા આપવામાં આવશે પરંતુ બદનામી અને વિરોધ થતાં ગુજરાત સરકારે એ પરિપત્ર પાછો ખેંચ્યો છે. જો કે સ્કૂલના આ બાળકોને અપાતા ભોજનમાં કંઇ ઠેકાણું પડતું નથી. તાજેતરમાં જ અમદાવાદ સહિત રાજ્યભરની ૧૪ સ્કૂલોનું ચેકીંગ કરવામાં આવતાં ગુજરાત સરકારે મધ્યાહ્ન ભોજન માટે જેની સાથે કરાર કર્યો છે તે અક્ષયપાત્ર સહિતની ત્રણ સંસ્થાના ફુડમાં ઈયળ, ફુગ, સિન્થેટીક કલર, મરેલી જીવાત અને ઘનેડાં નિકળ્યાં છે. બાળકોને માંસાહારી બનાવવાનો આ એક બીજો રસ્તો સચિવાલયમાં મુખ્ય ચર્ચાનો મુદ્દો બન્યો છે...

**● ચારેકોર હાર્દિક અને કનૈયાની બોલબાલા છે...**

ગુજરાતના હાર્દિક પટેલ અને દિલ્હીના કનૈયાકુમારની આજકાલ ચોમેર બોલબાલા છે. છેલ્લા ઘણાં સમયથી હડતાલ પર ઉતરેલા તાતા મોટર્સના નેનો પ્લાન્ટના કામદારોના યુનિયને આ બન્ને નેતાઓનો સહયોગ માગ્યો છે. એટલે કે હવે જે કોઈ સ્વયંભૂ આંદોલન થાય તો તેમાં હાર્દિક અને કનૈયાને ઉપસ્થિત રાખવાનો આગ્રહ થશે. હાલ તો આ બન્ને નેતાઓ માટે કોંગ્રેસ કહે છે કે બન્ને અમારા ખિસ્સામાં છે. વિધાનસભાની ચૂંટણીમાં આનંદીબહેન પટેલને નડી શકે તેવા લિડરમાં હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોર છે. આ બન્ને પાસે તેમના સમાજનું બહુ મોટું હથિયાર છે. આ લોકોનું આંદોલન અને પ્રતિઆંદોલન ઝંપવાનું નામ લેતું નથી...

**સિગારેટના કશ વ્યસનીઓ લગાવે, તિજોરી ભરાય છે નાણા વિભાગની**

**● શહેરો વચ્ચે આવેલા રેલ્વે ફાટકો પહોળા કરાશે...**

ગુજરાતના શહેરો વચ્ચે આવેલા અને ટ્રાફિકને સૌથી મોટા અડચણરૂપ રેલ્વેના સાંકડા ફાટક છે. ટ્રેઈન આવવાની હોય ત્યારે બન્ને સાઈડે વાહનોની કતાર લાગે છે, પરંતુ તે ટ્રેઈન પસાર થયા પછી વાહનો સામસામે આવી જાય છે પરિણામે ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડે છે. શહેરોના ગીચ વિસ્તારોમાંથી પસાર થતાં રેલ્વે ફાટકો જોખમ સર્જે છે. ક્યારેક વાહનો સામસામે અથડાઈ જાય છે. આપણે હાઈવે ને ફોરલેન કે સિક્સ લેન કર્યા છે પરંતુ ફાટકોની સ્થિતિ એવી ને એવી જ છે તેથી રાજ્ય સરકારે તમામ રેલ્વે ફાટકોને પહોળા કરવાનો નિર્ણય લીધો છે. આ પ્રકારના ફાટકો મહાનગર અને નગરપાલિકા વિસ્તારમાં વધુ જોવા મળે છે. આ કામગીરી માટે ખુદ સરકાર જે તે સંસ્થાને અનુદાન આપશે...

**● જલસા કરો, નદીમાં પરિવહન માટે સ્ટીમરો ચાલશે...**

ગુજરાતમાં આવેલી મુખ્ય નદીઓમાં જાહેર પરિવહન માટે નાનકડી સ્ટીમર ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ માટે ગુજરાત સરકારે રિવર ઈન્ટર લિંકઅપ પ્રોજેક્ટ હેઠળ જળમાર્ગ બનાવવાનું નક્કી કર્યુ છે. ઈનલેન્ડ વોટર ટ્રાન્સપોર્ટ સર્વિસ પ્રમોશન એક્ટ પાર્લામેન્ટમાં પસાર થઈ ગયો છે ત્યારે રાજ્યએ કરેલા આ નિર્ણયને સૌથી મોટું બળ મળ્યું છે. ગુજરાતમાં નર્મદા, તાપી, અંબિકા, ઓરંગા અને પૂર્ણા જેવી બારમાસી નદીઓમાં પેસેન્જર અને માલવાહક જહાજો ચલાવવાનો આ પાયલોટ પ્રોજેક્ટ ગુજરાત મેરીટાઈમ બોર્ડે તૈયાર કરાવ્યો છે. મળતી માહિતી પ્રમાણે આ નદીઓમાં સાબરમતી નદીને પણ લેવાનું પ્લાનિંગ ચાલી રહ્યું છે...